ગુજરાત ઇકોલોજી કમિશન,
ઉદ્યોગ ભવન, બ્લોક નં ૧૮/૧, ગાંધીનગર-૧૧

ક્વોટેશન ભરનારનું નામ તથા સરનામું

.......................................

.......................................

તારીખ:

પ્રતિ,
નિયામકશ્રી,
ગુજરાત ઇકોલોજી કમિશન,
બ્લોક નં ૧૮,પહેલો માળ,
ઉદ્યોગ ભવન, સેક્ટર -૧૧
ગાંધીનગર.

મહાશય,

નવસારી જિલ્લાના ગામોમાં આઇસીઝેડએમ પ્રોજેક્ટ અંતર્ગત ભીંત સુત્રો, નોટીસ બોર્ડ, સાઇન બોર્ડ, વોલ પેન્ટીંગ અને વિલેજ બોર્ડ કરવાની કામગીરી અંગે દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ આપના જાહેરાતના અનુસંધાને અમો આ સાથે સામેલ પત્રક અનુસાર આમારી ઓફર રજૂ કરીએ છીએ.

પ્રિન્ટીંગના સ્પેસીફીકેશનની વિગતો તેમજ છાપકામની કામગીરીની વિગતો તેમજ સામેલ ટેન્ડરની શરતો અમોએ વાંચીને સમજી છે જે અમોને કબૂલ મંજૂર છે અને તે ધ્યાને લઇને અમોએ અમારી ઓફર સાદર કરેલ છે.

આપનો વિશ્વાસુ,

સહી તથા સિક્કો

નામ:

ગુજરાત ઇકોલોજી કમિશન,

ઉદ્યોગ ભવન, બ્લોક નં ૧૮/૧, ગાંધીનગર-૧૧

ક્વોટેશન ભરનારનું નામ તથા સરનામું

........................................

........................................

મો.ન.

તારીખ:

નવસારી જિલ્લામાં દાડી પ્રોજેક્ટ માટે આઇસીઝેડએમ પ્રોજેક્ટ અંતર્ગત ભીંત સુત્ર, વોલ પેન્ટીંગ, સાઇન બોર્ડ, નોટીશ બોર્ડ અને વીલેજ બોર્ડ લખવાની કામાગીરી

## <u>ટેન્ડરની શરતો</u>

૧. ઇજારદાર પાસે આવા પ્રકારની કામગીરી કરવાનો સરકારી કે અર્ધસરકારી સંસ્થાનો અનુભવ હોવો જરૂરી છે તે અંગેના પ્રમાણપત્ર કે વર્ક ઓર્ડરભાવ પત્રક સાથે બીડવું. પ્રમાણપત્ર કે અનુભવના સર્ટી વગરનું ભાવપત્રક ગણતરીમાં લેવામાંઆવશે નહી.

૨. ઇજારદારે ટેન્ડર ફોર્મમાં સ્વચ્છ રીતે તેમની ઓફરએક યુનીટ દીઠ આંકડામાં અને શબ્દોમાં દર્શાવવાની રહેશે અને આ ઓફરમાંથી તેઓ નામક્કર જઇ શકાશે નહીં.

૩. ઇજારદારે ટેન્ડરમાં છેકછાક ટાળવાની રહેશે. ટેન્ડરમાં સુધારા કર્યા હોય તો તેવા પ્રત્યેક સુધારા નજીક તેમણે ટૂંકી સહી કરાવવાની રહેશે. અધૂરૂ ભરાયેલ, સહી વગરનું કે સુધારા નજીક ટૂંકી સહી વિનાનું ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૪. ભરેલ ભાવપત્રક એક કવરમાં સીલ બંધ કરી કવર ઉપર “નવસારી જિલ્લામાં આઇસીઝેડએમ પ્રોજેક્ટ અંતર્ગત ભીંત સુત્રોની કામગીરી”નું ભાવ પત્રક સ્પષ્ટ લખી નિયામકશ્રી, ગુજરાત ઇકોલોજી કમિશન, ગાંધીનગરની કચેરીને તા.૨૦/૦૧/૨૦૧૬ના રોજ સાંજે ૧૭-૦૦ કલાક સુધીમાં મળી જાય તે પ્રમાણે રૂબરૂ કે પોસ્ટથી મોકલવાનું રહેશે.

૫. નિયત તારીખ અને સમય પછી આવેલ ભાવપત્રક ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૬.ઈજાદાર ટેન્ડર સાદર કર્યા બાદ તેમાં કોઇપણ જાતનો ફેરફાર કરી શકાશે નહીં. ટેન્ડર સાદર કર્યાનો અર્થ જ એ રહેશે કે ઈજાદારે આ ટેન્ડરની તમામ શરતોનો સંપૂર્ણપણે અને બિન શરતી સ્વીકાર કર્યો છે. પાછળ થી આ શરતો માટે ઈજાદારના કોઇ વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૭. આવેલ તમામ ટેન્ડરો અથવા તે પૈકી કોઇપણ ટેન્ડરને કોઈપણ કારણ આપ્યા સિવાય સંપૂર્ણ સ્વીકાર કે અસ્વીકાર કરવાનો કમિશનના સભ્ય સચિવશ્રીને અબાધિત હક્ક રહેશે અને તે અંગે વાંધા સ્વીકારવામાં આવશે નહીં.

૮. મળેલ ભાવ પત્રકો તા.૨૧/૦૧/૨૦૧૬ ના રોજ ૧૫-૦૦ કલાકે કમિશનની ગાંધીનગરની કચેરીએ હાજર રહેલ ઇજારદારોની સમક્ષ નિયામકશ્રી અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ અધિકારી દ્વારા ખોલવામાં આવશે અને વાંચી સંભળાવવામાં આવશે.

૯. ટેન્ડરની શરતો પરીપૂર્ણ કરે તે ઇજારદારોને ક્વોલીફાય ગણવામાં આવશે. જે ઇજારદાર પાસે અનુભવનું સર્ટી નહી હોય તે ભાવ પત્રક ગણતરીમાં લેવામાં આવશે નહીં.

૧૦.સફળ ઇજારદારો તરફથી જો એક સરખી ફાયનાન્સીયલ ઓફરના એક કરતા વધારે ટેન્ડર આવશે અને એવા ઓફર L1 હશે તો આવી સરખી ઓફરના L1 ઇજારદારોને ઓફરમાં ઘટાડો કરવા માટે જણાવવામાં આવશે અને ત્યારબાદ નિર્ણય લેવામાં આવશે .

૧૧. જે ઇજારદારનું ટેન્ડર સ્વીકારવામાં આવશે તેમને સદર કામગીરી સોંપવામાં આવશે.

૧૨.નવસારી જિલ્લાના ગામોમાં આઇસીઝેડએમ પ્રોજેક્ટ અંતર્ગત ભીંત સુત્રો, નોટીસ બોર્ડ, સાઇન બોર્ડ, વોલ પેન્ટીંગ, વીલેજ બોર્ડની કામગીરી માટે કમિશન દ્વારા મંજૂર કરવામાં આવેલ ભાવ તમામ ટેક્ષ સહિતના, જે તે ગામમાં કમિશન દ્વારા જણાવ્યા મુજબની જગ્યાએ બોર્ડ પેન્ટીંગ કરવાના, સુત્રો લખવાના બોર્ડ ફીટ કરવાનો ભાવમાં સમાવેશ થાય છે. સ્ટાન્ડર્ડ કલર પેઇન્ટીંગ તથા બોર્ડ માટે જોઇતી સર્વે સાધન સામગ્રી તથા ટ્રાન્સપોટેશનનો સમાવેશ થાય છે. મંજૂર કરવામાં આવેલ ભાવ ઉપરાંત કોઈપણ જાતનો વધારો આપવામાં આવશે નહીં.

૧૩.પાંચે પાંચ આઈટમોના આવેલ ભાવોના ટોટલ પ્રમાણે જે ક્વોલીફાય થયેલ ઈજાદારના સૌથી ઓછા ભાવ હશે તેને જ કામનો ઈજારો આપવામાં આવશે.

૧૪. થયેલ કામનું ચુકવણું આઈટમ દીઠ મંજૂર કરવામાં આવેલ યુનીટ રેટ મુજબ જ કરવામાં આવશે. ખરેખર સ્થળ સ્થિતી મુજબ જ કરવામાં આવેલ કામનું જ ચુકવણું કરવામાં આવશે.

૧૫. કમિશનના નિયામકશ્રીને અસાધારણ સંજોગોમાં કામના જથ્થામાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર રહેશે અને આ પ્રકારના ફેરફારને કારણે પેંઇન્ટીંગકામના ભાવમાં કોઇ વધારાની માંગણી કરી શકશે નહીં.

૧૬. ટેન્ડરો મળવાની નિયત સમય મર્યાદા સુધીમાં સંજોગોને અનુલક્ષીને ટેન્ડરો સ્વીકારવાનું બંધ કરવા અંગેનો કે ઉપર જણાવેલ શરતોમાં સુધારો કે તેમાં વધારો/ઘટાડો કરવા અંગેનો કમિશનને અબાધિત અધિકાર રહેશે.

૧૭.ઉપસ્થિત થનાર તમામ દાવા ગાંધીનગર ખાતે આવેલ ન્યાયની કચેરીની હકુમતની હદમાં કરવાના રહેશે.

૧૮. સમગ્ર કામ શરુ કરવાની સમય મર્યાદા ત્રણ માસની રહેશે.

# સ્પેશીફીકેશન

(અ) સ્લોગન રાઈટીંગ ઈન વિલેજ દાંડી, મટવાડ, સમાપોર, ઓંજલ,સુલતાનપુર અને આટ-

| | |
|---|---|
| ૧. સાઈઝ:- | ૬'x૨' |
| ૨. કલર:- | વ્હાઈટ બેક ગ્રાઉન્ડ<br>- ૧"જાડાઈની ચારેબાજુ ડાર્કબ્લ્યુ કલરનીબોર્ડર<br>- સુત્રો, મેસેજ, લખાણ ગ્રીન કલરમાં- અક્ષરની સાઈઝ-૫.૫" ની હાઈટ અને ૧" ની જગ્યા બે લાઈન વચ્ચે. |
| ૩. પ્રિન્ટીંગના કલર અંગે:- | ઓઈલ પેઈન્ટ વોટર પ્રૂફ કલર(ઓલ વેધર પેઈન્ટ) |
| ૪. લોગો:- | જીઈસી. કચેરીમાંથી સુચવ્યા મુજબ |
| ૫. ભાષા:- | ગુજરાતી |
| ૬. ગામોની સંખ્યા:- | ૬ ગામો |
| ૭. સુત્રોની સંખ્યા:- | ૩૬૦ સુત્રો |
| ૮. લોકેશન:- | ગામના સ્થળો જેવા કે પાણીની ટાંકી, કુવા, સુત્રો, ગ્રામ પંચાયત, ગામ્ર રસ્તાઓ ઉપર, શાળાઓ, ઓફીસ, ગામ ચોરો, સમાજની વાડીઓ, પીએચસી સેન્ટર, દુકાનો, મકાનો, (પહેલેથી મંજુરી લીધા બાદ) વિગેરે. |

(બ) વોલ પેઈન્ટીંગ

| | |
|---|---|
| ૧. સાઈઝ:- | ૪'x૪' |
| ૨. કલર:- | ડાર્ક બ્લ્યુ બોર્ડર- ૧"જાડાઈની ચારેબાજુ ગ્રાફીક્સની મલ્ટીકલર |
| ૩. કલરનો પ્રકાર:- | મલ્ટી કલર, વોટર પ્રૂફ |
| ૪. લોગો:- | જીઈસી. કચેરીમાંથી સુચવ્યા મુજબ |
| ૫. ભાષા:- | ગુજરાતી- અંદાજી ૪"હાઈટના |
| ૬. ગામોની સંખ્યા:- | ૬ ગામો |
| ૭. વોલ પેઈન્ટીંગ ની સંખ્યા | ૧૬૫ |
| ૮. લોકોશન:- | ગામના સ્થળો જેવા કે સ્કૂલ,ગ્રામ પંચાયત ઓફીસ, ગામ ચોરો, સમાજની વાડીઓ, પીએચસી સેન્ટર, દુકાનો, મકાનો, (પહેલેથી મંજુરી લીધા બાદ) વિગેરે. |

(ક) નોટીસ બોર્ડ પેઈન્ટીંગ:-

| | |
|---|---|
| ૧. સાઈઝ: | ૪'x૪' |
| ૨. કલર: | ડાર્ક બ્લ્યુ બોર્ડર ૧" પોહળાઈને ચારે બાજુ અને ઉપર યોજનાની માહિતી (અત્રેથી સુચવ્યા મુજબ) |

૩. કલરનો પ્રકાર:- નોટીશ બોર્ડનો સ્પેશ્યલ કલર (વોટરપ્રૂફ)
૪. લોગો:- જીઈસી. કચેરીમાંથી સુચવ્યા મુજબ
૫. ભાષા:- ગુજરાતી
૬. ગામોની સંખ્યા:- ૬
૭.નોટીસ બોર્ડની સંખ્યા:- ૩૬
૮. લોકેશન:- ગામના ફળીયા તેમજ પંચાયત ઘર

(ડ) સાઈન બોર્ડ:-
૧. સાઈઝ: ૪’x૩’
૨. કલર: ડાર્ક બ્લ્યુ બેકગ્રાઉન્ડ રેડીયમ વીથ વ્હાઈટ કલર ફોન્ટ
૩. કલરનો પ્રકાર:- મલ્ટી કલર- વોટર પ્રૂફ,
સ્ટેન્ડ સ્પેશીફીકેશન મેટલ સીટ અને એંગલ સાથે
૪. લોગો:- જીઈસી. કચેરીમાંથી સુચવ્યા મુજબ
૫. ભાષા:- ગુજરાતી
૬. ગામોની સંખ્યા:- ૬
૭.વોલ પેઈન્ટીંગની સંખ્યા:- ૨૪ નંગ
૮. લોકેશન:- ગામના પ્રવેશ સ્થળે તેમજ બાંધકામની સાઈટ ઉપર

(ઇ) વીલેજ બોર્ડ:-
૧. સાઈઝ: ૮’x૪’
૨. કલર: ડાર્ક બ્લ્યુ બેકગ્રાઉન્ડ રેડીયમ વીથ વ્હાઈટ કલર ફોન્ટ
૩. કલરનો પ્રકાર:- મલ્ટી કલર- વોટર પ્રૂફ
સ્ટેન્ડ સ્પેશીફીકેશન મેટલ સીટ વીથ વુડન ફ્રેમીંગ સહિત
૪. લોગો:- જીઈસી. કચેરીમાંથી સુચવ્યા મુજબ
૫. ભાષા:- ગુજરાતી
૬. ગામોની સંખ્યા:- ૬
૭. વીલેજ બોર્ડ ની સંખ્યા:- ૬ નંગ
૮. લોકેશન:- ગામની પ્રવેશ સ્થળે તેમજ બાંધકામ થી સાઈટ ઉપર

# <u>ભાવપત્રક</u>

ક્વોટેશન ભરનારનું નામ:-

સરનામું:-

મોબાઈલનંબર:-

તારીખ:-

નવસારી જીલ્લાના દાંડી આસપાસના છગામોમાં આઈસીઝેડએમ પ્રોજેક્ટ અંતર્ગત (અ) ભીંત સુત્રો (બ) વોલ પેઈન્ટીંગ (ક) નોટીસ બોર્ડ (ડ) સાઈન બોર્ડ (ઈ) વીલેજ બોર્ડ કલર કરી છાપકામ કરી, માલ સામાન સાથે ટ્રાન્સપોર્ટેશન, ટેક્ષ સહિતના ભાવો નીચે મુજબ રહેશે.

| ક્રમ | કામનું નામ વિગત | સંખ્યા | યુનીટ રેટ ક્વોટેડ | કુલ કિંમત |
|---|---|---|---|---|
| અ | **ભીંત સુત્રો** | ૩૬૦ | | |
| | નવસારી જિલ્લાના ગામોદાંડી,મટવાડ,સમાપોર,ઓંજલ,સુલતાનપુર,આટમાં ૬’ x ૨’ ના બોર્ડ પેઈન્ટ કરી, ભીંત સુત્રોનું લખાણ સ્પેશીફીકેશન મુજબ કરી આપવાનો ભાવ | | | |
| બ | વોલ પેઈન્ટીંગ | ૧૬૫ | | |
| | નવસારી જિલ્લાના ગામોદાંડી,મટવાડ,સમાપોર,ઓંજલ,સુલતાનપુર,આટમાં વોલ પેઈન્ટીંગ સાઈઝ ૪’ x૪’ સ્પેશીફીકેશન મુજબ. | | | |
| ક | નોટીસ બોર્ડ | ૩૬ | | |
| | દાંડી,મટવાડ,સમાપોર,ઓંજલ,સુલતાનપુર,આટમાં સાઈઝ ૪’x૪’ પેઈન્ટીંગ માલ સામાન સહીતનો સ્પેશીફીકેશન મુજબ | | | |
| ડ | સાઈન બોર્ડ | ૨૪ | | |
| | દાંડી,મટવાડ,સમાપોર,ઓંજલ,સુલતાનપુર,આટમાં સાઈઝ ૪’x3’ પેઈન્ટીંગ સ્પેશીફીકેશન મુજબ | | | |
| ઈ | વીલેજ બોર્ડ | ૬ | | |
| | દાંડી,મટવાડ,સમાપોર,ઓંજલ,સુલતાનપુર,આટમાં ૮’x૪’ સ્પેશીફીકેશન મુજબ | | | |
| | કુલ સરવાળો | | | |

ભાવો માલસામાન સહીતના ડ્રોઈંગસાથેના,ફીટીંગ,ટ્રાન્સ્પોર્ટેશન તથા ટેક્ષ સહીતના ભરવાના રહેશે.

- પેમેન્ટ કામ પુરુ કર્યા બાદ જે તે CBOના પ્રમાણપત્ર બાદ આપવામાં આવશે.
- પેમેન્ટ કામના પ્રમાણમાં આપવામાં આવશે.

ઈજાદારની સહી

ગુજરાત ઇકોલોજી કમિશન,

ઉદ્યોગ ભવન, બ્લોક નં ૧૮/૧, ગાંધીનગર-૩૮૨૦૧૧

## ગુજરાત ઇકોલોજી કમિશન,ગાંધીનગર

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર દ્વારા આઈસીઝેડએમ પ્રોજેક્ટ અંતર્ગત નવસારી જીલ્લાના દાંડી આસપાસના છ(૬) ગામો માં ભીંત સુત્રો, વોલપેઈન્ટીંગ, સાઈન બોર્ડ, વીલેજ બોર્ડ અને નોટીશ બોર્ડ વિગેરે કામગીરી માટે આ જાતની કામગીરી કરતા ઈસમો પાસેથી સ્પર્ધાત્મક ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકનું ફોર્મ જીઇસીની વેબ સાઇટ www.geciczmp.com પરથી ડાઉનલોડ કરી શકાશે. ભાવપત્રકો રજૂ કરવાની છેલ્લી તારીખ. ૨૦/૦૧/૨૦૧૬ સાજેં ૫-૦૦ કલાક સુધીમાં જમા કરાવવાના રહેશે.

નિયામકશ્રી

ગુજરાત ઈકોલોજી કમિશન,

બ્લોક્નં૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર